BUSINESS મિત્ર

બેઉતરફી વધઘટ વચ્ચે સેન્સેક્સ 251 પોઇન્ટ અને નિફ્ટી 99 પોઇન્ટ ઘટીને બંધ

સેન્સેક્સ ઉપલા સ્તરેથી 600 પોઇન્ટ ગગડ્યો

કર રાહતનો ઉત્સાહ ઓસરી જતાં શેરબજારમાં પ્રોફિટ બુકિંગ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 13: ભારતીય શેરબજારમાં આજે બેઉતરફી વધઘટ જોવા મળી હતી. ગઈકાલે એલટીસીજી અને એસટીટીમાં રાહત મળે તેવા અહેવાલના પગલે બજારમાં શાનદાર ઉછાળો જોવા મળ્યો હતો, પરંતુ આજે આ ઉછાળો ઓસરી ગયો હતો. એકબાજું એફઆઈઆઈની વેચવાલીનું દબાણ ઘટ્યું હતું, પરંતુ પ્રોફીટ બુકીંગ અને ક્રુડના વધી રહેલા ભાવોની અસર શેરબજારમાં ઘટાડા તરફ ખેંચી ગયું હતું. આજે સેન્સેકસ ઉપલા સ્તરેથી 600 પોઈન્ટથી વધુ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી 22600 પોઈન્ટની નીચે સરકી ગયો હતો. જે છેલ્લે 22600ની ઉપર બંધ રહી હતી. આમ, શેરબજારમાં કર રાહતનો ઉત્સાહ ઓસરી ગયો હતો.

કંપનીઓના બીજા કવાર્ટરના પરિણામોની મોસમ ચાલી રહી છે અને સપ્ટેમ્બરમાં જથ્થાબંધ ફુગાવો ઉછળીને 11.39 ટકા પર પહોંચી જતા રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત થઈ ગયું હતું અને ઉછાળે નફો બુક કરતા જોવા મળ્યા હતા. સેકટર વાઈઝ જોઈએ તો ફાર્મા, ઓટો અને રિયલ્ટી શેરો દબાણ હેઠળ આવ્યા હતા, જ્યારે એફએમસીજી, આઈટી અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વધારાથી બજારના નુકશાનને રોકવામાં મદદ મળી હતી. બીએસઇ સેન્સેકસ 251.89 પોઇન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 72781.89 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસમાં 73195 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 72578 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 99.25 પોઇન્ટ એટલે કે 0.44 ટકા ઘટીને 22650 પોઇન્ટની સપાટી તોડીને 22622.70 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22757 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22558 પોઇન્ટ રહી હતી. બેન્ક નિફ્ટી 165.05 પોઇન્ટ એટલે કે 0.3 ટકા ઘટીને 55316 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જેએસડબલ્યુ સ્ટીલમાં 88.75 ગણા, સીટી યુનિયન બેન્કમાં 8.06 ગણા, આઇડીબીઆઇ બેન્કમાં 8 ગણા, ગો ડીજીટમાં 6.54 ગણા અને ટાટા એલેક્સીમાં 5.71 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એલિકોન એન્જીનીયરીંગમાં 18.11 ગણા, વેદાન્તા પાવરમાં 17.93 ગણા, આઇડીબીઆઇ બેન્કમાં 12.48 ગણા, ભારત કુકીંગ કોલમાં 9.62 ગણા અને વ્હલપુર્લ ઇન્ડિયામાં 8.28 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.05 ટકા ઘટ્યો હતો, જ્યારે બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.08 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ પર 2564 શેરો વધ્યા હતા.

રૂપિયો ઇન્ટ્રાડેમાં ઉછળીને 95ની નીચે, અંતે 14 પૈસા સુધર્યો

ફોરેક્સ બજાર

ડોલર	95.15 રૂ.
યુરો	105.72 રૂ.
પાઉન્ડ	125.19 રૂ.
યેન	0.6992 રૂ.

કરન્સી બજારમાં આજે સતત બીજા દિવસે ઇન્ટ્રાડેમાં રૂપિયાએ 95ની નીચે સરકી ગયો હતો, પરંતુ છેલ્લે ફરીથી 95ની ઉપર બંધ રહ્યો હતો. જોકે, આજે પણ રૂપિયામાં સુધારાની ચાલ આગળ વધી હતી. આજે ડોલરની સામે રૂપિયો 14 પૈસા સુધરીને 95.15ના સ્તરે બંધ રહ્યો હતો. જે ઇન્ટ્રાડેમાં ઉછળીને 94.76 સુધી પહોંચ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.28ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.72, પાઉન્ડ 125.19, કેનેડિયન ડોલર 66.53, ઓસ્ટ્રેલિયન ડોલર 66.60, જાપાનીઝ યેન 0.5989 અને સીંગાપોર ડોલર 73.75ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-251.89	72781.89
નિફ્ટી	-99.25	26622.70
બેન્ક નિફ્ટી	-165.05	55316.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
નેસલે ઇન્ડિયા	3.69	1383.20
ટાટા કન્ઝ્યુમર	2.91	987.90
ઇન્ફોસીસ	2.44	1088.00
કોલ ઇન્ડિયા	2.08	417.00
ટેક મહિન્દ્રા	2.05	1575.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	3.85	950.00
HDFC લાઇફ	2.85	544.05
બજાજ ફાઇનાન્સ	2.62	957.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.47	2793.70
એસબીઆઇ લાઇફ	2.20	1650.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.51	1088.90
ટેક મહિન્દ્રા	2.20	1576.00
ટીસીએસ	1.54	2302.00
એચયુએલ	1.15	1897.00
એનટીપીસી	0.87	314.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	2.55	957.60
મહિન્દ્રા-મહિન્દ્રા	2.24	2799.00
બજાજ ફિનસર્વ	1.99	1720.75
ઇટર્નલ	1.68	315.60
ICICI બેન્ક	1.54	1339.20

યાર્ન બજાર સુરત **નરેશ / મુકેશ ઘીવાળા**

(GST સાથેના ભાવ) **૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ’’	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ’’	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૯૪૯૦
તેજાબી સોનું	૧૪૯૪૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૦૧૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૬૫૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૯૪૯૦૦
ચાંદી (૯૯૯)	૨૧૫૭૦૦
ચાંદી સિક્કા	૨૧૭૨૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૯૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

ક્રૂડ તેલ $107ને પાર: વૈશ્વિક એનર્જી કટોકટી ઘેરી બને છે

કોલસાના ભાવ પણ 3 વર્ષની સર્વોચ્ચ સપાટીએ

સાઉદી અરામકો પર ડ્રોન હુમલાની આશંકા વચ્ચે તેલ-ગેસ મોંઘા થતાં વૈશ્વિક સ્તરે કોલસાની માંગ રેકોર્ડ સ્તરે પહોંચવાની વકી

મુંબઈ, તા. 14: મધ્યપૂર્વના સંઘર્ષમાં વધુ વધારો થવાની શક્યતા બજારો આંકતા હોવાથી ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ આશરે $107 પહોંચ્યા હતા. વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે કોઈ ઉકેલ ન આવતાં, પુરવઠામાં વિક્ષેપ અંગેની ચિંતાઓ ભાવને ઉપરી સ્તર પર જાળવી રહ્યા છે.

14 ઓક્ટોબર, 2026ના રોજ ક્રૂડ તેલના ભાવમાં વધારો થયો, કારણ કે મધ્ય પૂર્વમાં નવેસરથી ભૂ-રાજકીય તણાવને કારણે ઉર્જા પુરવઠા સુરક્ષા અંગે ચિંતાઓ વધી હતી. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ આશરે $107 પ્રતિ બેરલ સુધી વધી ગયા, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) પ્રતિ બેરલ $95 ની નજીક હતું. આ વધારા માટેનું મુખ્ય કારણ હુતી બળવાખોરો સાથે વધતો સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટ સહિત મહત્વપૂર્ણ ઉર્જા પરિવહન માર્ગો નજીક તેમની પ્રવૃત્તિઓ છે. રોકાણકારો તેની નજર રાખી રહ્યા છે, કારણ કે આ ક્ષેત્રમાં કોઈપણ નોંધપાત્ર વિક્ષેપ વૈશ્વિક ઉર્જા પુરવઠાના પ્રવાહને મર્યાદિત કરી શકે છે. હોર્મુઝ સ્ટ્રેટ એનર્જી માર્કેટ માટે ચિંતાનું મુખ્ય ક્ષેત્ર છે. કોમોડિટી એનાલિટિક્સ ફર્મ કેપ્લરના જણાવ્યા અનુસાર, જળમાર્ગમાંથી ક્રૂડ ઓઈલના પ્રવાહમાં તીવ્ર ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં દૈનિક પસાર થવાનો સરેરાશ 16-17 મિલિયન બેરલ હતો, પરંતુ ઓક્ટોબર માટે સરેરાશ 10 મિલિયન બેરલ પ્રતિ દિવસથી નીચે આવી ગયો છે.

સાઉદી અરેબિયામાં ચાલી રહેલી ગતિવિધિ પર પણ નજીકથી નજર રાખવામાં આવી રહી છે, જેમાં મિસાઈલ અને ડ્રોન દ્વારા અવરોધ અને ઉર્જા માળખા અને અન્ય સ્થળો પર હુમલાના અહેવાલો છે. સાઉદી અરામકોના મુખ્યાલય પર ડ્રોન હુમલાના અહેવાલો પણ બહાર આવ્યા છે, જોકે કંપની તરફથી સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી હતી. સાઉદી અરેબિયાનું તેલ ઉત્પાદન દરરોજ લગભગ 2 મિલિયન બેરલ વધીને આશરે 8.73 મિલિયન બેરલ પ્રતિ દિવસ થયું છે. જોકે, ઉત્પાદન યુદ્ધ પહેલાના સ્તરથી નીચે છે, જે પ્રાદેશિક ઉર્જા પુરવઠા પર સંઘર્ષની સતત અસરને દર્શાવે છે.

ડેટા સેન્ટરો માટે બનશે રાષ્ટ્રીય નીતિ

એમેઝોન અને ગુગલના પ્રોજેક્ટ્સ સામે વિરોધ વધતાં કેન્દ્ર સરકાર એક્શનમાં

આમ જનતા પર વીજ બિલનો બોજ વધતો અટકાવવા કવાયત

મુંબઈ, તા. 14: કેન્દ્ર ગ્રાહકોને ઉંચા વીજ બિલથી બચાવવા માટે ભારત ડેટા સેન્ટર નીતિ રજૂ કરવા જઈ રહી છે. હાલમાં ડેટા સેન્ટરના પ્રોજેક્ટ્સને હાલના પર્યાવરણીય અને મકાન નિયમો હેઠળ મંજૂરી આપવામાં આવે છે, જ્યારે કેટલાક રાજ્યો પોતાના પ્રોત્સાહનો આપે છે. ભારતમાં હાલમાં ડેટા સેન્ટરો માટે કોઈ સમર્પિત માળખું નથી.

ભારત ડેટા સેન્ટરો માટે એક સમર્પિત નીતિ તૈયાર કરી રહ્યું હોવાનું જુનિયર આઈટી પ્રધાન જિતિન પ્રસાદાએ બુધવારે જણાવ્યું હતુંa, કારણ કે સરકાર આ ક્ષેત્રની વધતી જતી વીજળી માંગને ગ્રાહકો માટે વીજળીના ખર્ચમાં વધારો ન થાય તે માટે પ્રયાસ કરી રહી છે.

“ભારત હાઈપરસ્કેલ ડેટા સેન્ટરો માટે ખૂબ જ સારી જગ્યા છે, કેટલાક દેશોમાં, ડેટા સેન્ટરો ગ્રાહકો પાસેથી વીજળી છીનવી રહ્યા છે, જે પછી વીજળી માટે વધુ ચૂકવણી કરે છે. “અમે તેમાં પડવા માંગતા નથી,” તેમ પણ તેમણે જણાવ્યું.

નીતિમાં શું આવરી લેવામાં આવશે અથવા તે ક્યારે બહાર પાડવામાં આવશે તેને અંગે હજી માહિતી નથી.

આ જાહેરાત એમેઝોન અને ગુગલ દ્વારા આયોજિત મોટા પ્રોજેક્ટ્સના સ્થાનિક વિરોધ વચ્ચે કરવામાં આવી છે. મુંબઈની બહાર એમેઝોનની સાઈટની નજીકના રહેવાસીઓએ વીજળી અને પાણી પુરવઠા પરના ભારણ તેમજ અવાજ અંગે વિરોધ કર્યો છે. વિશાખાપટ્ટનમમાં, પર્યાવરણવાદીઓ કહે છે કે ગુગલનો 15 બિલિયન ડોલરનો પ્રોજેક્ટ વન્યજીવનને જોખમમાં મૂકે છે અને મંદિરની જમીનનો અયોગ્ય ઉપયોગ કરે છે.

દુબઈના ઉદ્યોગપતિએ બેન્ક ઓફ બરોડા પર દાવો કર્યો

15 અબજ ડોલરનો દાવો દાખલ કરતા બીઓબીના શેરની કિંમત ત્રણ ટકા ઘટી

નવી દિલ્હી, તા. 14: નાદાર એનએમસી હેલ્થકેર સ્થાપક અને યુએઈના ઉદ્યોગપતિ બીઆર શેટ્ટીએ બેન્ક ઓફ બરોડા સામે 15 અબજ ડોલરનો દાવો દાખલ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે દેશની બીજી સૌથી મોટી જાહેર ક્ષેત્રના બેન્કના ઘણા વર્તમાન અને ભૂતપુર્વ કર્મચારીઓએ છેતરપીંડી પ્રોત્સાહન આપ્યું હતું. જેના કારણે મીડલ ઈસ્ટ તેમના આરોગ્ય સંભાળ જુથનું પતન થયું. કંપની એક સમયે ગલ્ફની સૌથી મોટી ખાનગી આરોગ્ય સંભાળની અગ્રણી હતી.

એક અહેવાલ અનુસાર શેટ્ટીએ આરોપ લગાવ્યો છે કે બેન્ક ઓફ બરોડાના ઘણા વર્તમાન અને ભૂતપુર્વ કર્મચારીઓએ તેમના વ્યવસાયિક જુથના અધિકારીઓ સાથે મળીને ભંડોળની ઉચાપત કરી હતી. આના પરિણામે તેમના પર એવી ગરેન્ટીઓનો બોજ પડ્યો હતો, જેના પર તેમણે ક્યારેય સહી કરી નહતી. બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરાયેલા આ મુકદમામાં બેન્ક પાસેથી 15 અબજ ડોલરના નુકશાનની માગ કરવામાં આવી છે. શટ્ટીનો આરોપ છે કે બેન્ક અધિકારીઓએ રાઉન્ડ ટ્રીપીંગ વ્યવહારોને સરળ બનાવ્યા, વારંવાર મની લોન્ડરીંગ વિરોધી ચેતવણીઓને અવગણી અને બનાવટી સહીઓ સાથે દસ્તાવેજો સ્વીકાર્યા.

દરમ્યાન બેન્ક ઓફ બરોડાએ જણાવ્યું હતું કે તે તેના હિતોનું રક્ષણ કરશે. રોઈટર્સના જણાવ્યા અનુસાર સ્ટોક એકસચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું કે, બેન્કને આવો કોઈ મુકદમો મળ્યો નથી અને તે એવા દાવાઓ પર ટિપ્પણી કરી શકશે નહીં. જે હજુય સુધી કોર્ટમાં સાબિત થયા નથી. જ્યારે મુકદમાની સુચના આપવામાં આવશે, ત્યારે બેન્ક તેના બચાવની રજૂઆત કરશે અને હિતોના રક્ષણ માટે જરૂરી પગલા લેશે. બેન્કે એમપણ જણાવ્યું હતું કે, તે શેટ્ટી પાસેથી 28 બિલિયન રૂપિયાની બાકી લેણાની રકમ વસુલવા માટે ભારત અને યુએઈમાં કાર્યવાહી કરી રહી છે અને તેની સામે હુકમ મેળવ્યા છે. આ દરમ્યાન બેન્ક ઓફ બરોડાના શેરમાં 3 ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો.

જિયો પ્લેટફોર્મ્સનો આઈપીઓ 21મીએ ખુલશે : રૂ. 1,065-1,119 પ્રાઈસ બેન્ડ

રેકોર્ડ રૂ. 30,213 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય

મુંબઈ, તા. 14 (પીટીઆઈ): રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ડિજિટલ અને ટેલિકોમ કંપની જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે તેના પ્રારંભિક પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માટે પ્રતિ શેર રૂ. 1,065થી રૂ. 1,119ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે, આ ટોચની રેન્જ પર કંપની લગભગ રૂ. 30,213 કરોડ એકત્ર કરી શકે છે, જે તેને ભારતનો સૌથી મોટો આઈપીઓ બનાવી દેશે. રિલાયન્સ દ્વારા નિયમનકારી ફાઈલિંગ અનુસાર, રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા 27 કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ કરતો આ આઈપીઓ બુધવારે, 21 ઓક્ટોબરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને શુક્રવારે, 23 ઓક્ટોબરે બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ સોમવારે, 19 ઓક્ટોબરે થશે. ફાઈલિંગમાં જણાવ્યા અનુસાર, જિયો પ્લેટફોર્મ્સના બોર્ડની આઈપીઓ કમિટીએ બુધવારે મળેલી બેઠકમાં આ પ્રાઈસ બેન્ડને મંજૂરી આપી હતી. કર્મચારી આરક્ષણ હિસ્સામાં બોલી લગાવનાર પાત્ર કર્મચારીઓને પ્રતિ શેર રૂ. 54 નું ડિસ્કાઉન્ટ મળશે. રોકાણકારોએ ઓછામાં ઓછા 12 શેરો માટે બોલી લગાવવી પડશે અને ત્યાર બાદ 12 ના ગુણાંકમાં બોલી લગાવવી પડશે. કેપ પ્રાઈસ પર, એક લોટની કિંમત રૂ. 13,428 થશે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) મુજબ, કંપની રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા 27 કરોડ સુધીના ઈક્વિટી શેર ઈશ્યૂ કરવાની યોજના ધરાવે છે.

સુડોકુ [illegible]

૫			૮				૪	
૪		૨	૧		૫		૮	
૧			૩	૬	૪			૫
				૫			૨	૩
૨	૭		૪					
૯		૩	૭	૮	૨			
	૯			૧	૮			
	૧	૫				૯		
૩	૨	૬		૭	૯	૪		૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

એપેન્ડિસાઇટિસ

ગુજરાતીમા આંત્રપુચ્છ તરીકે ઓળખાતા આ ભાગ પર સોજો આવતાં દર્દીની હાલત બગડે છે.

એરંડા પાક બે થી ચાર ચમચી, સવાર સાંજ ગરમ દૂધ સાથે આપવું. તકલીફ વધારે હોય તો દિવેલમા હિંગ ભેળવી તેનો એનિમા આપવો. દારુણ વ્યાધિ છે. વૈદશ્રી ની સલાહ વિના કશું કરવું નહીં.

ઈડીએ રિલાયન્સ પાવરની ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની મિલકતો જપ્ત કરી

જપ્ત કરવામાં આવેલી મિલકતોમાં આરપીએલનું બેંક બેલેન્સ અને સાસણ પાવર લિમિટેડમાં તેનું શેરહોલ્ડિંગ સામેલ

નવી દિલ્હી, તા. ૧૪ (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ બુધવારે જણાવ્યું હતું કે, તેણે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ ચાલી રહેલી તપાસના ભાગરૂપે અનિલ અંબાણી ગ્રુપની કંપની રિલાયન્સ પાવર લિમિટેડ (આરપીએલ)ની ભારતસ્થિત ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની મિલકતો જપ્ત કરી છે.

સેન્ટ્રલ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જપ્ત કરવામાં આવેલી મિલકતોમાં આરપીએલનું બેંક બેલેન્સ અને સાસણ પાવર લિમિટેડમાં તેનું શેરહોલ્ડિંગ સામેલ છે.

વિદેશી હૂંડિયામણ વ્યવસ્થાપન કાયદા (ફેમા)ની કલમ ૩૭એ હેઠળ ૧૨ ઓક્ટોબરના રોજ ૨,૦૩૨.૮૧ કરોડ રૂપિયાનો જપ્તી ઓર્ડર બહાર પાડવામાં આવ્યો હતો.

કંપનીએ મંગળવારે એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં ઈડીની આ કાર્યવાહીનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, તે એજન્સીના આરોપોને બિનપાયાદાર ગણાવે છે અને તેના પોતાના તેમ જ તેના તમામ શેરધારકો અને અન્ય હિતધારકોના હિતોનું રક્ષણ કરવા માટે કાનૂની સલાહ મુજબ તમામ યોગ્ય પગલાં લેશે.

શબ્દગુંફન - ૭૨૭૦ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. નાટકશાળા (૪)
૪. દસકો, દસનો સમૂહ (૩)
૭. મજબૂતાઈ, ટકી રહેવાપણું (૩)
૯. શિક્ષણ પામેલું, સંસ્કારી (૩)
૧૦. તરફદારી (૩)
૧૨. વાળ (૨)
૧૩. વસ્તુનું મૂળ અસલ કે વાસ્તવિક રૂપ (૨)
૧૪. ગુસ્સો, રોષ (૨)
૧૫. મસાલામાં વપરાતા નાના કાળા ગોળ દાણા (2)
૧૬. છૂટું કરવું તે (૩)
૧૯. આનંદી, વિનોદી (૩)
૨૧. હેત, લાગણી (૩)
૨૩. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૨૫. પ્રસ્તાવનારૂપે બે બોલ (૪)
૨૭. યજ્ઞ (૨)
૨૮. ક્રોધ, નાશકારક આફત (૨)
30. હાથીનું બચ્ચું (૩)
૩૧. નાની ધજા (૩)
33. કિંમતી વસ્તુ, ઘરેણું (૩)
૩૪. પતિ, રમવું તે (૩)

ઊભી ચાવી

૨. અભિમાની, ગુમાની (૩)
૩. નજર (૨)
૪. રમતમાં આવતો વારો (૨)
૫. પ્રયત્ન (૩)
૬. સો શ્લોકવાળો ગ્રંથ (૪)
૮. આડખીલી, એક ઘાસ (૨)
૧૦. અંત, છેડો, મોત (૩)
૧૧. આંખની કીકી (૩)
૧૨. એક વનસ્પતિ (૩)
૧૫. ખુશ, પ્રસન્ન (૨)
૧૭. બાગ, આનંદ (૩)
૧૮. કુમળું (૩)
૨૦. મૂર્ખપણું (૩)
૨૧. દાંતે ઘસવાનો ભૂકો (૨)
૨૨. હોડી (૨)
૨૩. માખણ, ખુશામત (૩)
૨૪. નિરોગી (૨)
૨૫. સખા, દોસ્ત (૨)
૨૬. શક્તિ, ખમી લેવું તે (૩)
૨૭. ભરપૂર (૩)
૨૯. પારકું, અન્ય (૨)
30. ઓછું, ખરાબ (૨)
૩૧. પરંતુ, પ્રતિજ્ઞા (૨)
૩૨. સાંભળવાની ઇન્દ્રિય (૨)

આજનું પંચાંગ

તા. 15/10/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: સુદ: પાંચમ :-27:26, લલિતાપંચમી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-23
યોગ :આયુષ્યમાન **કરણ:** વણિજ
નક્ષત્ર : જયેષ્ઠા: વૃદ્ધિ છે આ નક્ષત્રમાં જન્મેલાની શાંતિ કરાવવી. **રાશિ:** વૃશ્ચિક (ન.ય.)
દિવસ : સામાન્ય, શુક્ર પશ્ચિમાસ્ત
સુરતમાં સૂર્યોદય : 06:35 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:14
નવકારસી : 07:23
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 02જો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીઉલ અવલ માસનો 03જો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ , શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે 13:30 થી 15:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નવું કામ શરૂ કરવાની ઉતાવળ કરવી નહીં. સરકારી કામમાં ગફલત કરવી નહી, વીલ વારસા-વીમા જેવા કામમાં પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ,): મહેનતનું સકારાત્મક પરિણામ મળે. નવાં સોદા પાર પડે. પરિવાર અને જીવનસાથીનો સાથ સામાજિક કામમાં મળે.

મિથુન (ક,છ,ઘ,): સહકર્મીઓ સાથે તાલ મેળ રાખવાથી પ્રગતિ થાય. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

કર્ક (ડ,હ,): પોતાની નેતૃત્વ ક્ષમતા દેખાડવાની તક મળે. દાંપત્યજીવનમાં વિશ્વાસ વધે. પ્રેમ પ્રકરણોમાં ગેરસમજ દૂર થાય. આવક વધે.

સિંહ (મ,ટ,): કામનો બોજ વધશે. હરીફોથી સાવધાન રહેવું. પોતાના જ્ઞાનની જાણકારી ગુપ્ત રાખવી પ્રવાસમાં સાવધાન રહેવું.

કન્યા (પ,ઠ,ણ,): આર્થિક બાબતે પ્રગતિ થાય. મિત્રો સાથે નવા વ્યવસાયની યોજના બને. દલાલીના કામમાં આવક વધે.

તુલા (ર,ત,): આવક વધે. બચતની યોજના બને. ઉઘરાણી આવે. પારિવારિક ધંધામાં નવી યોજના બને. ઘરમાં ધાર્મિક વાતાવરણ.

વૃશ્ચિક (ન,ય,): નવી જવાબદારી મળે. ધાર્મિક પ્રવાસ થાય. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. નવા ક્રિએટીવ વિચારોથી નવી તક.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઉપરી વર્ગનો સાથ મળે. જૂના સંબંધો મજબૂત બને. આરોગ્ય નરમ રહે. અચાનક લાભ થાય. ખર્ચા પણ વધે.

મકર (ખ,જ,): જરૂરી ખર્ચા પર કાબૂ વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય. જૂના મિત્રોની મુલાકાત થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સાથે નવી શિક્ષણ નીતિ બાબતે ચર્ચાથી સંતાનોનાં કામ થાય. નવુ શિખવા મળે. આવક વધે.

મીન (દ,ચ,ઝ,થ,): વેપાર ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રમોશન મળે. સમાજમાં માન વધે. સ્ત્રીવર્ગનો સાથ મળે. નવી તક મળે.

કોઈ પણ સાલમાં 15 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી -ધંધામાં ચડતી પડતી રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિકબાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં યશ મળે. પરિવારની અપેક્ષાઓ સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં હરીફો સતાવે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલોનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. મિત્રો વગેરેની મદદ સામાજિક તથા કાયદાકીય બાબતોમાં મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કાં ધીમા પડે. ઉમેલલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. સ્ત્રી વર્ગ માટે સામાન્ય પણ નોકરી કરતી મહિલાની માનસિક અશાંતિ વધે. આરોગ્ય નરમ રહે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને નવી નિતીનો લાભ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. એપ્રિલ, મે તથા સપ્ટેમ્બર ઓક્ટોબરમાં શુક્ર શનિવારે, 06, 15, 24 તારીખે નવા કામ કરવા સફેદ રંગનો ઉપયોગ વધારવો જુલાઇ ઓગસ્ટમાં બુધવારે 01,19, 10 28 તારીખે નવા કામ ટાળવા. ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. શુક્રના ઉપાય કરવાં.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

લોન ખાતા નંબર	દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ	ગીરવે મુકેલી સ્થાયી મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની		કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ
			તારીખ	બાકી રકમ	
૫૧૧૧૯૫૬	૧.હનુમાન સુઝ પ્લેસ ૨. લીલા ચૌધરી ૩.કુયારામ સેવારામ ચૌધરી	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત ફલેટ નં. ૨૦૩ માપ ૫૩૫.૦૦ ચો.ફૂટ એટલે કે ૪૯.૭૦ ચો.મી (સુપર બિલ્ટઅપ એરીયા) પ્રમાણસર જમીનના વણવહેચાયેલ હિસ્સા સાથે અક્ષરધામ એપાર્ટમેન્ટના બિલ્ડીંગ નં.–૨ ના બીજા માળ નો રેવન્યુ સર્વે નં. ૭૨, બ્લોક નં. ૧૦૨ ટી.પી.સ્કીમ નં.૭૦ મૂળ પ્લોટ નં. ૫૬/એ, ફાઈનલ પ્લોટ નં. ૫૬/એ ઝોન વેસુ ૧૬/૯ પૈકી મુ.મોજે –ગામ છાપરાભાઠા સબ–ડિસ્ટ્રીક અને તાલુકા સુરતસીટી–૪ (કાતારગામ) જી.સુરત, રાજય–ગુજરાત૩૯૪૧૦૫ ખાતે આવેલ છે. અને જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફલેટ નં. ૨૦૪, **પશ્ચિમ તરફ** : બીલ્ડીંગ નં.–૧,**ઉત્તર તરફ** : સોસાયટી ની જગ્યા, **દક્ષિણ તરફ** : પેસેજ અને ફલેટ ન. ૨૦૨.	૧૧.૦૨.૨૦૨૬	રૂા. ૫,૮૩,૦૯૩.૦૫	૧૧.૧૦.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો
૧૨૬૯૭૧૦૭૭	૧. સુનીલ પટેલ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત પ્લોટ નં. ૧૮૧ માપ ૫૨.૦૯ ચો.મી (રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક નં. ૩૯૦/બી/૧૮૧) ગ્રાઉન્ડ ફલોર ના બાંધકામ અને સીડી કેબિન નું માપ ૩૮.૭૫ ચો.મીટર આતંરીક રોડ અને વણવહેચાયેલ હિસ્સા અને સી.ઓ.પી નું માપ ૩૩.૦૫ ચો.મી શુભમ રેસીડન્સી ની વિકસીત જમીનનો બ્લોક નં. ૩૯૦/બી, બિનખેતી જમીન પૈકી મોજે ગામ અટોદરા, સબ–ડિસ્ટ્રીક અને તાલુકા ઓલપાડ, જી.સુરત રાજય–ગુજરાત ૩૯૪૧૦૭ ખાતે આવેલ છે. જેની ચર્તુસીમા : **પૂર્વ તરફ** : જોડેનો સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૨૦૦, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૮૨, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૮૦ આવેલ છે.	૨૨.૦૭.૨૦૨૬	રૂા. ૧૫,૨૮,૩૩૭.૪૭	૦૯.૧૦.૨૦૨૬ કબજો

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૦૯.૧૦.૨૦૨૬ અને ૧૧.૧૦.૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત